# વિષયવસ્તુ  વાચન અને ચિંતન

ડૉ. કિરણબેન જે. પટેલ
અધ્યાપક એસ.યૂ.જી કોલેજ
અમદાવાદ

## વાચનની સંકલ્પના,ઉદ્દેશો અને પ્રકાર

# unit-1 વાચનની સંકલ્પના

- 1 વાચનનો અર્થ
- 2 વાચનની સંકલ્પના
- 3 વાચનનું મહત્વ
- 4 વાચનના ઉદ્દેશો અને હેતુઓ
- 5 વાચનના પ્રકાર
- 6 વાચન પર અસર કરતાં પરિબળો

# વાચનનો અર્થ

- **કોશાગત અર્થ** : વાચન એટલે વાંચવું , સમજવું ,અર્થગ્રહણ કરવું ,દર્શાવવું ,છુપો અર્થ શોધી કાઢવો

- વાચન એટ્લે વાચવાની ઢબ ,વાચવાની રીત

- **પ્રક્રિયાગત અર્થ** : વાચન એટલે મુદ્રિત આકૃતિઓ જોવી , એ આકૃતિઓને ઓળખવી ,આકૃતિઓ વચેનો સબંધ ઉભો કરવો અને તેના દ્વારાકોઈ એક બિંબની રચના કરવી ત્યારબાદ તેને પૂર્વાનુભવ જોડે સાંકળવો અને તેનો અર્થ તારવવો

# વાચનની સંકલ્પના

- વાચન એ કળા પણ છે અને કૌશલ પણ છે . તેથી તેને પ્રયત્ન દ્વારા જ સુધારી શકાય છે.
- વાચન દરમિયાન બે પ્રક્રિયા થાય છે .એક શારીરિક અને બીજી માનસિક . તેથી વાચન આંખ અને મનથી થાય તેમ કહેવાય
- વાચન દરમિયાન આંખની ગતિ :
- આંખ સ્થિર રહેતી નથી .... ગતિ કરે છે .
- આંખ ની ગતિ ડાબેથી જમણી તરફની હોય છે .
- આંખની ગતિ મુદ્રિત લિટીને અનુસરે છે .લીટીના વાચન માટે આંખે કેટલાક કુદકા મારવા પડે છે .

# વાચન દરમિયાન આવતા કેટલાક શબ્દોની સમજ

- **રુકાવટ બિંદુ** :આંખની ગતિ તથા કૂદકાને રુકાવટ બિંદુ કહે છે.
- વાચનમાં રુકાવટ બિંદુનો આધાર વાચન સામગ્રીના લખાણની લંબાઈ તથા કઠિનતા કે સરળતા પર રહે છે .
- **શબ્દ પ્રત્યભીજ્ઞાન ફલક** :આંખ વાચન દરમિયાન જે બિંદુએ રુકાવટ કરે છે તે પછીના જમણી તરફ આવેલા કેટલાક શબ્દોને નજરમાં લે છે જેટલા શબ્દો નજરમાં લે તેટલા શબ્દો માટેનું તેનું શબ્દ પ્રત્યભીજ્ઞાન ફલક કહેવાય .

# વાચનમાં પુન:દ્રષ્ટિ

- સામાન્ય રીતે વાચન દરમિયાન આંખ ડાભેથી જમણી તરફ સરકે છે પરંતુ ક્યારેક આંખ ઉલ્ટી ગતિ પણ કરે છે એટલે કે જમણે થી ડાબે તરફ આ ક્રિયાને પુન:દ્રષ્ટિ કહેવાય છે.
- દ્રષ્ટિ ધ્વનિ ફલક :
- વાચન શિખનાર પ્રથમ મૌખિક વાંચન કરે છે .મૌખિક વાચનમાં વાચક નજર સમક્ષ રહેલા શબ્દોનો ઉચ્ચાર કરતો હોય છે એ દરમિયાન તેની નજર જમણી દિશામાં આવતા શબ્દો પર પણ સરકી જતી હોય છે આ રીતે ઉચ્ચાર અને દ્રષ્ટિ વચ્ચે જે ગાળો રહે તેને દ્રષ્ટિધ્વ ની ફલક કહે છે .

# વાચનની વ્યાખ્યાઓ

- વાચન એ પ્રત્યક્ષીકરણની પ્રક્રિયા છે.
- વાચન એ વિચાર પ્રક્રિયા છે .
- વાચન એ અર્થ મેળવવાની પ્રક્રિયા કરતાં અર્થ તારવવાની પ્રક્રિયા છે.
- વાચન એ વિચાર પ્રક્રિયા છે.
- વાચન એ તર્કની પ્રક્રિયા છે .

# વાચનનું મહત્વ

- વ્યક્તિત્વ વિકાસ માટેનું ઉપકરણ છે .
- મનની અભિવ્યક્તિ માટે મહત્વનુ છે .
- વ્યક્તિના બૌધિક અને સાંવેગિક વિકાસની ઉર્જા છે.
- વાચન સમાજ અને રાષ્ટ્ર નો પણ વિકાસ કરે છે
- વાચન એ સાક્ષરતાંનો પાયો છે .
- વિવિધ સ્પર્ધાકીય પરીક્ષા પાસ કરવામાં ઉપયોગી છે .
- વિવિધ વિધ્યાશાખા મા અભ્યાસ માટે જરૂરી છે .

# વાચનના ઉદ્દેશો અને હેતુઓ

- વાચન દ્વારા મનોરંજનનો ઉદ્દેશ
- માહિતી મેળવવાનો ઉદ્દેશ
- સમસ્યા ઉકેલ નો ઉદ્દેશ
- પ્રત્યાયનનો ઉદ્દેશ
- નવરસના સમયના ઉપયોગ નો ઉદ્દેશ
- પ્રબોધનનો ઉદ્દેશ , સ્વ-વિકાસનો અને પોતાની જાતને સારી રીતે સમજતો થવાનો ઉદ્દેશ.

# વાચનના પ્રકાર

- **<u>માહિતીલક્ષી વાચન</u>** : 1સંદર્ભ ,લેખક કે વિષય સૂચિ વાચન કૌશલ
- 2વાચન સામગ્રીપર એકાગ્ર થવાનું કૌશલ
- 3 અગત્યના મુદ્દા નોધવાનું કૌશલ્ય
- 4 માહિતીના વિવેચનનું કૌશલ્ય
- **<u>વિવેચનાત્મક વાચન</u>** :નબળા અને સબળ પાસા ઓળખવા
- **<u>સર્જનાત્મક વાચન</u>** : નવા દ્રસ્તિકોણથી વિચારવું

# વાચન પર અસર કરતાં પરિબળો

- **શારીરિક/દેહધર્મ ક્રિયાઓ પર અસર કરતાં પરિબળો :**
- સ્વાસ્થ્ય : શરીર અને આંખોની તન્દુરસ્તી જરૂરી
- વાતાવરણ : શાંત અને એકાંતવાળું વાતાવરણ જરૂરી
- **માનસિક ક્રિયાઓ પર અસર કરતાં પરિબળો** :
- 1 વાચન તત્પરતા
- 2  વાચન પ્રેરણા
- 3 જરૂરિયાત
- 4 અભિરુચિ
- 5 પર્યાવરણ
- 6 ઉપલબ્ધ માહિતીસ્ત્રોત

# સમજ ચકાસતા પ્રશ્નો

- વાચનનો પ્રક્રિયાગત અર્થ સમજાઓ
- વાચનની કોઈ એક પરિભાષા ઉ.દા.દ્વારા સમજાઓ
- 21 મી સદીમાં વાચનનું મહત્વ સ્પષ્ટ કરો
- વિવેચનાત્મક વાચનની સંકલ્પના સ્પષ્ટ કરો
- વાચન પર અસર કરતાં પરિબળો વર્ણવો
- નીચેની ટૂંકનોધ લખો

1. માહિતીલક્ષી વાચન
2. વાચનના હેતુઓ
3. વાચન દરમિયાન આંખની ગતિ
4. રૂકાવટ બિંદુ
5. શબ્દપ્રત્યભિજ્ઞાન ફલક
6. દ્રષ્ટિધ્વનિ ફલક
7. વાંચનમા પુન:દ્રષ્ટિ
8. વાચન એક મનોશારીરિક પ્રક્રિયા